**ઝઘડીયાના જયુડી. મેજી. ફ.ક. સાહેબની અદાલત સમક્ષ, મું. ઝઘડીયા**

**ફોજ, કે. નં. ૧૯૩૬/૨૦૨૪**
**આંક**

**ફરીયાદ** શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપી ૧. વિજયભાઈ મગનભાઈ વસાવા,**
**રહે. તલોદરાગામ, તા.ઝઘડીયા, જી.ભરૂચ**
**૨. રવીચંદ સુખલાલ વસાવા,**
**રહે.સોડાગામ,તા.વાલીયા, જી.ભરૂચ.**
**૩. વિજયભાઈ હસમુખભાઈ વસાવા,**
**રહે.કોંઢ તા.વાલીયા, જી.ભરૂચ.**

**ગુન્હો:- પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫એએ, ૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબ**

---

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એન.પી.ઉમરીયા
આરોપી તરફે વિ.વ. શ્રી એમ.એલ.વસાવા

---

**-: ચુ કા દો :-**

૧. ફરીયાદ પક્ષની ટુકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગે.કા અને વગર પાસ પરમીટના ઈગ્લીશ દારૂનો મુદામાલ પોતાના કબજા ભોગવટામા રાખી ધી પ્રોહીબીશન એકટની કલમ-**૬૫એએ, ૧૧૬ (બી),૮૧,૯૮(૨)** મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલ હોય જે રજીસ્ટર કરી તપાસ કરનાર અમલદારે તપાસ સંભાળી લઈ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ કોર્ટમા ચાર્જશીટ કરેલ.

૨. આ કામે આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થતા સીઆર.પી.સી, ક.૨૦૭ મુજબ મુજબની જોગવાઈનુ પાલન કર્યા બાદ આરોપી સામે તહોમતનામું કરમાવતા આ ગુનાના કામે આરોપીનો જવાબ લેતા તેણે ગુનાનો ઈન્કાર કરેલ છે.

૩. આ કામના આરોપીનુ સી.આર.પી.સી કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેશ છે.

૪. ત્યારબાદ ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધનો ગુનો પુરવાર કરવા માટે પોલીસ સાહેદો તથા પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે તેમજ દસ્તાવેજી પુરાવામા ગુના લગત કરવામાં આવેલ પંચનામુ રજુ કરેલ છે.

૫. ત્યારબાદ બંને પક્ષની દલીલ તથા રજુ થયેલ પુરાવા ધ્યાને લેતા સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા નિર્ણીત કરવા જરૂરી બને છે.

**<u>-: મુદ્દા :-</u>**

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગે.કા અને વગર પાસ પરમીટના ઈંગ્લીશ દારૂનો મુદામાલ પોતાના કબજ ભોગવટામાં રાખી ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ, ૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૬.. ઉપરોકત મુદ્દાઓની હવે પછી તુરત ચર્ચા કર્યાના આધારે અમારા નિર્ણય જવાબ નીચે મુજબ છે.
(૧) નકારમાં.
(૨) આખરી હુકમ મુજબ.

**–: કારણો:–**

૭. ઉપરોકત બંને મુદાઓ એકબીજાથી સંલગ્ન હોય તેની સંયુક્ત ચર્ચા કરવામાં આવે છે.

૮. ફરીયાદ પક્ષે આંક–૧૦ થી ફરીયાદી નાઓની જુબાની નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ કહેવાતા બનાવમાં આરોપીના કબજા ભોગવટામાંથી વિદેશી દારૂનો મુદામાલ મળી આવેલ હોવાનું ફરીયાદમા જણાવ્યા મુજબની હકીકતોને સમર્થન કરેલ છે. વધુમા ફરીયાદ પક્ષ તરફે આરોપી સામેનો કેસ પુરવાર કરવા રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા આ કામે તેમના પુરાવામાં આરોપીના કબજા ભોગવટામાથી ગે.કા અને વગર પાસ પરમીટના વિદેશી દારૂનો મુદામાલ મળી આવેલ તેમજ તે મુદામાલ તેમજ મુદામાલ શેમ્પલ કબજે કરેલ હોવાનું જણાવેલ છે. વધુમા સમગ્ર પુરાવો ધ્યાને લેતા મુદામાલ દારૂ હોવા સંદર્ભેનો એફ.એસ.એલ રીપોર્ટ આ કામે રજુ કરવામાં આવેલ નથી તેમજ બનાવવાળી જગ્યાએ થી સ્વતંત્ર અને તટસ્થ સાહેદો મળી શકવાની સંભાવનાઓ હોવા છતા કયાં કારણોસર તેવા કોઈ સાહેદોના નિવેદન લેવામા આવેલ નથી તે અંગેનો પણ કોઈ યોગ્ય ખુલાસો કરવામા આવેલ નથી. આમ, કહેવાતો મુદામાલ આરોપીઓના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલ હોય કે આરોપીઓને સ્થળ ઉપર અટક કરવામાં આવેલ હોય કે જે વાહનમાથી મુદામાલ અટક કરવામાં આવેલ હોય તે વાહન આરોપીની માલીકી કબજા ભોગવટાનું હોય તે હકીકત ફરીયાદપક્ષ શંકા થી પર રહીને પુરવાર કરી શકેલ નથી, વધુમા સદર કામે તપાસવામાં આવેલ સાહેદ પોલીસ સાહેદ હોવાથી રસ ધરાવનાર સાહેટ કહી શકાય અને રસ ધરાવનાર સાહેદનો પુરાવો માનવો તેવો કોઈ કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત નથી પરંતુ આરોપીઓ વિરૂધ્ધનુ તહોમત સિધ્ધ કરવા માટે ફરીયાદ પક્ષના કેસને સ્વતંત્ર, સબળ, સચોટ અને વિશ્વસનીય પુરાવાથી સમર્થન મળવુ આવશ્યક છે પરંતુ આ કામે તપાસના કામે ત.ક.અ એ તેવા કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી જે હકીકત ફરીયાદપક્ષના કેસ સમક્ષ શંકા ઉપસ્થિત કરે છે. સદર કામે આંક–૧૩ થી રજુ પંચનામાના પંચ સાહેદે પણ પંચનામામાં જણાવેલ હકીકતને સમર્થન આપેલ ન હોય ફરીયાદપણ પંચનામું પણ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

૯. આમ, ઉપરોકત રજુ થયેલ પુરાવો વચાણે લેતા આરોપીએ ગેર કાયદેસર પાસ પરમીટ વગર વિદેશી દારૂ તેઓના કબજામાં રાખેલ હોય તેવી હકીકત પણ ફરીયાદ પક્ષ પુરાવાથી પુરવાર કરી શકેલ ન હોય ફરીયાદ પણ આરોપી સામેના પ્રસ્તુત કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરી શકેલ ન હોય. જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમા કરાવી છું અને મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**ફોજ.કે. નં.૧૯૩૬/૨૦૨૪**

**-: હુકમ :-**

(૧) ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) અન્વયે આરોપીઓને પ્રોહીબીશન એકટની કલમ-૬૫એએ,૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબ શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભઆપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(2) આ કામે કબ્જે કરવામાં આવેલ મુદામાલ વાહન તથા મોબાઈલ અંગે અગાઉ વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદામાલ વાહનના તથા મોબાઈલ માલિકી અંગે ખરાઈ કરી તેના મુળ માલિકને પરત સોપવાનો હુકમ કરવામા આવે છે તેમજ તે સિવાય પ્રોહી મુદ્ધામાલનો અપીલ સમય વીત્યા બાદ ધોરણસર નાશ/ નિકાલ કરવો.

(3) સદરહું કામના આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ-૪૩૭(એ) અન્વયે જો આ કરાવ સામે આપીક્ષ થાય તો અપીલના કામે હાજર રહેવા માટે રૂા. ૫,૦૦૦/- ના જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો આપવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Date :**07.04.2026

**(J.S.RATHORE)**
**ADDI CIVIL JUDGE & J.M.F.C**
**JHAGADIA,**
**JUDGE CODE NO GJ**01695